SSP/ JUL 98/05/3250

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
## સત્સંગ શિક્ષણ પરીક્ષા
## સત્સંગ પરિચય
## પ્રશ્નપત્ર - ૨

બપોરે ૨ થી ૪:૧૫] (રવિવાર, ૧૯ જુલાઈ, ૧૯૯૮) કુલ ગુણ : ૭૫

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

### (વિભાગ - ૧ : કિશોર સત્સંગ પરિચય)

**પ્ર.૧. નીચેનામાંથી કોઈ પણ બે વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. ''હવે તો એના માથા ઉડાડીને જ દાણો મોંમાં મૂકશું.''
૨. ''ટટ્ટુ દુબલા હૈ, અસવાર તાજા હૈ.''
૩. ''તમે હવે ઘરે જાઓ અને તમારું અધૂરું કામ પૂરું કરો.''
૪. ''મચ્છરના ભયથી કોઈ હવેલીનો ત્યાગ કરતું નથી.''

**પ્ર.૨. નીચેનામાંથી કોઈ પણ એક વિષે મુદ્દાસર વિવરણ લખો. (બારેક લીટીમાં)** ૪

૧. દામોદરભાઈ.
૨. રાજબાઈનું બ્રહ્મચર્ય વ્રત.
૩. ભક્તિ.

**પ્ર.૩. નીચેનામાંથી કોઈ પણ બે ના કારણ આપીને સમજાવો. (સાત-આઠ લીટીમાં)** ૪

૧. શ્રીજીમહારાજે કહ્યું, ''પરમચૈતન્યાનંદ સ્વામી સત્સંગમાં છે.''
૨. ગોરધનભાઈ મહારાજને પેંડા જમાડવાને બદલે પોતે જમવા લાગ્યા.
૩. સવારે ઊઠીને જોયું તો અરદેશરના કપાળમાં ચાંદલો હતો.
૪. સર એન્ડ્રુઝ ડનલોપે અમદાવાદ મંદિર માટે જમીન આપી.

**પ્ર.૪. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** ૭

૧. ગોંડળ મંદિરની પ્રતિષ્ઠા ક્યારે થઈ હતી ?
૨. કોના મુખ થકી ભગવાનની કથાવાર્તા ન સાંભળવી ?
૩. શ્રીજીમહારાજે સ્વરૂપાનંદ સ્વામીને શાંતિનો ઉપાય શો બતાવ્યો ?
૪. ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય કોને કહેવાય ?
૫. સુંદરજીભાઈનો ગર્વ કેવી રીતે ગળી ગયો ?





૬. શ્રીજીમહારાજ સંતોની નાસિકા ઉપર અત્તર અર્ચી શું બોલ્યા ?
૭. ચૈતન્ય મહાપ્રભુએ કુસંગ વિષે શું કહ્યું છે ?

**પ્ર.૫. નીચેની 'સ્વામીની વાત' પૂરી કરો અને તેનું નિરૂપણ લખો. અથવા વચનામૃતનું નિરૂપણ લખો.** ૫

'જેમ ગાય છે તે વાછરડા..........................................................'

**અથવા**

વચનામૃત ગઢડા પ્રથમ - ૧૬.

**પ્ર.૬. નીચેનામાંથી કોઈ પણ ચાર કીર્તન/શ્લોક/અષ્ટકની ખૂટતી કડીઓ લખો.** ૮

૧. જે સ્વામિનારાયણ ............................................ વર્ણન કોણ એનું ?
૨. અસુર અધર્મી .................................................. કરાવ્યા ત્યાગ.
૩. એવાં કરે રે ..................................................... સહજ સ્વભાવે.
૪. અન્ય શ્રેત્રે ...................................................... ભવિષ્યતિ ।
૫. વિધિશંભુમુખૈ .................................................. ભજે સદા ।

### (વિભાગ - ૨ પ્રાગજી ભક્ત)

**પ્ર.૭. નીચેનામાંથી કોઈ પણ બે વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. ''આ તો પૂર્વના ભક્ત છે.''
૨. ''મેં નથી મૂક્યા, સ્વામિનારાયણે મૂક્યા છે.''
૩. ''તમે તો સ્વામીના ચારેય આંચળ પી લીધા.''
૪. ''હું તો પથરા ઊંચકાવીશ ને ભગવાન આપીશ.''

**પ્ર.૮. નીચેનામાંથી કોઈ પણ એક વિષે કારણ આપીને સમજાવો. (બારેક લીટીમાં)** ૪

૧. ગુણાતીતાનંદ સ્વામી ચંદની જોઈને રોઈ પડ્યા.
૨. બાલમુકુંદ સ્વામીએ પ્રાગજી ભક્તને ઉઠાડ્યા પણ ઊઠ્યા નહિ..
૩. વિઠ્ઠલભાઈએ હનુમાનજીને તેલ ચઢાવવા છતાં રોગ મટ્યો નહિ.

**પ્ર.૯. નીચેનામાંથી કોઈ પણ એક વિષે મુદ્દાસર નોંધ લખો. (પંદરેક લીટીમાં)** ૫

૧. અનુવૃત્તિના પાલક ભગતજી મહારાજ.
૨. ભગતજી મહારાજે કરેલો અક્ષરજ્ઞાનનો ઉદ્‌ઘોષ.
૩. શાસ્ત્રીજી મહારાજે નિરૂપેલું ભગતજી મહારાજનું એકાંતિકપણું.

**પ્ર.૧૦. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.** ૭

૧. હરિકૃષ્ણ મહારાજે ગિરધરભાઈને દર્શન આપીને શું કહ્યું ?
૨. ભગતજી બાળપણમાં કેટલું ચૂરમું જમી ગયેલા ?
૩. પ્રાગજી ભગતને કોણે ધોલ મારી હતી ?
૪. પ્રાગજી ભગતનો જન્મ ક્યાં અને ક્યારે થયો હતો ?
૫. શ્રીજીમહારાજે ભગતજીને ભગવા કપડામાં કેમ દર્શન દીધાં ?
૬. ભગતજીએ વાંસદાના દીવાનને શું વચન આપ્યું ?
૭. મંદિરમાં અંતિમ દર્શન કરી પાછા ફરતાં ભગતજીએ જેઠા ભગતને શું કહ્યું ?

**પ્ર.૧૧. નીચેનામાંથી કોઈ પણ એક વિષય પર ટૂંકનોંધ લખો. (બારેક લીટીમાં)** ૪

૧. એકાંતનું સુખ.
૨. ભગતજી મહારાજની સહનશીલતા.
૩. પ્રાગજી ભક્તે માંગેલાં વરદાનો.

**(વિભાગ - ૩ 'સત્સંગ પ્રવેશ' પરીક્ષાનાં પુસ્તકોને આધારે)**

**પ્ર.૧૨. નીચેના વિષયો પર ટૂંકનોંધ લખો.** ૧૫

૧. જાંબુવાનનું કલ્યાણ
**અથવા**
લોજમાં નીલકંઠે બતાવેલ ચમત્કારો.

૨. શાસ્ત્રીજી મહારાજનું સ્પષ્ટ વક્તાપણું
**અથવા**
અડસઠ તીરથ.

૩. ભૂજના લાધીબાઈ
**અથવા**
જોબન પગીનું પરિવર્તન